L09003632093-08/09/2020
Branch : ALLOTMENT
Office : Head Office
Priority : Routine Letters
Label

ક્રમાંક:જીઆઇડીસી/પોસ્ટવિતરણ/
જીઆઇડીસી,વડી કચેરી,ગાંધીનગર.
તારીખ:- /૦૮/૨૦૨૦

# // <u>પરિપત્ર</u> //

વિષય:- **GG Application** હેઠળ ઓન લાઇન રજૂ થયેલ ડોકયુમેન્ટસના આધારે કાર્યવાહી કરવા બાબતે.

નિગમ દ્ધારા અરજીનો ઝડપથી નિકાલ થાય તેમજ પારદર્શિકતા જળવાય તે હેતુસર ઓન લાઇન **GG Application** અમલમાં મુકવામાં આવેલ છે. પ્રવર્તમાન પ્રથા મુજબ અરજદાર દ્ધારા રજૂ થયેલ ઓન લાઇન ડોકયુમેન્ટસ સિવાય ફીઝીકલ ડોકયુમેન્ટસ જેવા કે, અન્ડરટેકીંગ વિગેરે અસલમાં અરજદારે નિગમની જે તે પ્રાદશિક કચેરીએ રજૂ કર્યેથી અરજી અન્વયે આગળની કાર્યવાહી કરવામાં આવે છે. જેના કારણે અરજી પ્રોસેસ કરવામાં પણ વિલંબ થાય છે. જેથી સદર બાબતે ઓન લાઇન રજૂ થયેલ ડોકયુમેન્ટસના આધારે ફાઇલ પ્રોસેસ કરી શકાય કે કેમ ? અને તે અન્વયે ભવિષ્યમાં જો કોઇ કાયદાકીય ગૂંચ ઉભી થાય તો તે બાબતે કાયદા શાખાનો અભિપ્રાય મેળવવામાં આવેલ.

અભિપ્રાય અન્વયે, નિગમની તમામ ક્ષેત્રિય કચેરીઓને જણાવવામાં આવે છે કે તેઓને અરજદાર દ્ધારા ઓન લાઇન સ્કેન થયેલ અન્ડરટેકીંગ વિગેરે અસલમાં અરજદાર પાસેથી મંગાવવાની રહેશે નહી અને ફકત ઓન લાઇન રજૂ થયેલ ડોકયુમેન્ટ આધારે અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેની દરેક ક્ષેત્રિય કચેરીઓએ નોંધ લેવા અને તેનો તાત્કાલિક અમલ કરવા જણાવવામાં આવે છે.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારુ ...

**<u>નકલ જયભારત સહ રવાના -:</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ .તરફ જાણ સારુ ...

(૨) પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો. તરફ જાણ સારુ....

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી,ગાંધીનગર .તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારુ ..